

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PRGI No. GUJGUJ/2008/26148

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 19
Issue : 065
Dt.: 15-11-2026, Sunday
Page : 04
Rs.00.50 paisa
AHMEDABAD EDITION



અમેરિકાના આકાશમાં અચાનક સર્જી અફરાતફરી

ATCની ટેકનિકલ ખામીના કારણે અમેરિકામાં ૧૧ હજાર ફ્લાઈટ્સ રદ

અગાઉ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૦૧ના રોજ થયેલા આતંકવાદી હુમલા અને જાન્યુઆરી ૨૦૨૩માં કમ્પ્યુટર સિસ્ટમ ખરાબ થતા દેશની તમામ ઉડાનોને રદ કરી દેવામાં આવી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)ન્યૂ યોર્ક

અમેરિકામાં અત્યારે હવાઈ ક્ષેત્રમાં મોટી મુશ્કેલી સર્જાઈ હોવાનું પ્રકાશમાં આવ્યું છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે કુલ **11,000** ફ્લાઈટ્સ રદ કરી દેવામાં આવી છે. જેના કારણે **15** લાખથી પણ વધારે લોકો પરેશાન થયા હોવાનું જાણવા મળ્યું છે. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન **(FAA)** એ ફ્લાઈટ્સ ગ્રાઉન્ડ કરીને દેશભરમાં હવાઈ મુસાફરીને અટકાવવાનો અચાનક આદેશ જારી કર્યો છે. આ નિર્દેશનું કારણ એર ટ્રાફિક કંટ્રોલ **(ATC)** કેન્દ્રો પર કમ્યુનિકેશનને લઈને અચાનક આવેલી તકનીકી ખામી જવાબદાવ હોવાનો દોવા કરવામાં આવ્યો છે. આ સ્થિતિઓને કારણે અને સલામતીના હિતમાં રાષ્ટ્રવ્યાપી ગ્રાઉન્ડ સ્ટોપ લાગુ કરવામાં આવ્યો છે. આ ત્રીજી વખત છે જ્યારે સમગ્ર દેશમાં ફ્લાઈટ્સ આ રીતે ગ્રાઉન્ડ કરવામાં આવી હોય! આ પહેલા પણ **11** સપ્ટેમ્બર, **2001** ના રોજ થયેલા આતંકવાદી હુમલા અને જાન્યુઆરી **2023**માં કમ્પ્યુટર સિસ્ટમ ખરાબ થતા દેશની તમામ ઉડાનોને રદ કરી દેવામાં આવી હતી. આ અચાનક લેવાયેલા નિર્ણયને કારણે અમેરિકાના વિવિધ એરપોર્ટ પર લાખો મુસાફરોને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. જોકે, બાદમાં કેટલીક આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સને ઉડાન ભરવાની મંજૂરી આપવામાં આવી હતી. પ્રાથમિક માહિતી મુજબ, અમેરિકાના **22** એર ટ્રાફિક કંટ્રોલ **(ATC)** કેન્દ્રોમાં કોમ્યુનિકેશન સિસ્ટમ સંબંધિત સમસ્યા સર્જાઈ હતી, જેના કારણે વિમાનોની અવરજવર અટકાવવી પડી હતી.મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે, **FAA** ની ટીમો તકનીકી સમસ્યાનું કારણ શોધવા માટે કામ કરી રહી છે. કોમ્યુનિકેશન સિસ્ટમમાં ખામી સર્જાવા પાછળનું ચોક્કસ કારણ હજુ સ્પષ્ટ થયું નથી. **FAA** એ એક નિવેદન જાહેર કરીને તમામ ફ્લાઈટ્સ અટકાવી દીધી છે, જેને ઉડ્ડયન ક્ષેત્રની પરિભાષામાં "ગ્રાઉન્ડ સ્ટોપ"કહેવામાં આવે છે. આનો અર્થ એ છે કે સુરક્ષાના કારણોસર વિમાનોને ઉડાન ભરતા અટકાવી દેવામાં આવ્યા છે.આ સમગ્ર મામલે અમેરિકી ગૃહ સુરક્ષા વિભાગના પ્રમુખ દ્વારા પણ સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે, દેશભરતમાંએર ટ્રાફિક કંટ્રોલ **(ATC)** કેન્દ્રોમાં ખામી સર્જાઈ એટલે કે કમ્યુનિકેશન સિસ્ટમ ખરાઈ થઈ હોવાના કારણે **FAA** દ્વારા તમામ ઉડાનોને રદ કરી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આવી સ્થિતિમાં ડરવાની કોઈ જરૂર નથી. ટેકનિકલ ખામીના કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે, તેમાં ડરવાની કોઈ જરૂર નથી.

એન્થ્રોપિકનો ૬૪.૪ અબજ ડોલરનો મેગા IPO, રોકાણકારોમાં ભારે ઉત્સાહ

(સંપૂર્ણ સમાચાર સેવા)કેલિફોર્નિયા

ક્લોડ એઆઈ ચેટબોટ બનાવતી અમેરિકન કંપની એન્થ્રોપિકે આઈપીઓ લાવવાની પ્રક્રિયા શરૂ કરી છે. કંપનીએ આઈપીઓ માટે પ્રતિ શેર ૭૦ ડોલર થી ૭૮ ડોલરની પ્રારંભિક કિંમત નક્કી કરી છે. આ આઈપીઓ દ્વારા કંપની આશરે ૬૪.૪ અબજ ડોલર એકત્ર કરવાની યોજના ધરાવે છે. જેથી કંપનીનું મૂલ્યાંકન આશરે ૧.૪૧ ટ્રિલિયન ડોલર સુધી પહોંચી શકે છે. આ આઈપીઓ વૈશ્વિક શેરબજારના સૌથી મોટા આઈપીઓ પૈકીનો એક બની શકે છે. કંપની કુલ ૮૨.૫ કરોડ શેર વેચવાની યોજના ધરાવે છે. તેમાંથી આશરે ૮૦.૧૩ કરોડ નવા શેર કંપની દ્વારા જારી કરવામાં આવશે. જ્યારે, બાકીના ૨.૩૬ કરોડ શેર હાલના શેરધારકો વેચશે. જો શેરની કિંમત ૭૮ ડોલરના ઉપરના સ્તરે નક્કી થાય તો કંપનીને આઈપીઓ દ્વારા આશરે ૬૪.૪ અબજ ડોલર મળી શકે છે. કંપનીએ 'છ૨' નામથી લિસ્ટિંગ માટે અરજી કરી છે. ૧૯ નવેમ્બર, ૨૦૨૬થી શેરનું ટ્રેડિંગ શરૂ થવાની સંભાવના છે.એન્થ્રોપિકના આઈપીઓની ખાસ વાત એ છે કે માત્ર સામાન્ય રોકાણકારો જ નહીં, પરંતુ ટેકનોલોજી સેક્ટરની મોટી કંપનીઓ પણ તેમાં રોકાણ કરી રહી છે. કંપનીએ આઈપીઓ ઉપરાંત ખાનગી રોકાણ દ્વારા વધુ ૨૬ અબજ ડોલર એકત્ર કરવાની વ્યવસ્થા કરી છે. આ રોકાણમાં ગૂગલ, એનવીડિયા, એએમડી, માઈક્રોસોફ્ટ, બ્રોડકોમ, માઈક્રોન અને ટીએસએમસી જેવી કંપનીઓ સામેલ છે. આમ, આઈપીઓ અને ખાનગી રોકાણ મળીને કંપની આશરે ૯૦.૪ અબજ ડોલરનું ભંડોળ એકત્ર કરવાની યોજના ધરાવે છે.

સોનમર્ગ સહિતના ઊંચાઈવાળા વિસ્તારોમાં સિઝનની પહેલી હિમવર્ષા

(સંપૂર્ણ સમાચાર સેવા)શ્રીનગર

દેશની રાજધાની દિલ્હીમાં પ્રદૂષણના માહોલ વચ્ચે બીજી તરફ જમ્મુ-કાશ્મીરમાં હવામાને અચાનક પલટો લીધો છે. જમ્મુ-કાશ્મીરમાં સતત બીજા દિવસે પણ મેદાની વિસ્તારોમાં વરસાદ અને ઊંચાઈવાળા પહાડી વિસ્તારોમાં હિમવર્ષાનો સિલસિલો યથાવત રહ્યો છે. મધ્ય કાશ્મીરના પ્રખ્યાત પ્રવાસન સ્થળ સોનમર્ગમાં આ સિઝનની પ્રથમ હિમવર્ષા નોંધાઈ છે, જેના કારણે ધરતીના સ્વર્ગ સમાન આ પ્રદેશમાં ચારેકોર બરફની સફેદ ચાદર પથરાઈ ગઈ છે.

હવામાન વિભાગના આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં ગુલમર્ગમાં ૪૦.૬ મિમી, કુપવાડામાં ૩૭.૩ મિમી, પહેલગામમાં ૨૨.૪ મિમી અને શ્રીનગરમાં ૧૬.૩ મિમી વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત પીર કી ગલી, રજદાન પાસ, સાધના પાસ, વારવાન, મારવાહ અને સિન્થન ટોપ જેવા ઊંચાઈવાળા વિસ્તારોમાં એક ફૂટ સુધીનો બરફ જામી ગયો છે.

ભારે હિમવર્ષા અને લપસણા રસ્તાઓને કારણે દક્ષિણ કાશ્મીરના શોપિયાંને પુંછ અને રાજૌરી સાથે જોડતો વ્યસ્ત મુગલ રોડ તેમજ શ્રીનગર-લેહ હાઈવે (ઝોજિલા માર્ગ) પર વાહનવ્યવહાર બંધ કરી દેવામાં આવ્યો છે. બોર્ડર રોડ્સ ઓર્ગેનાઈઝેશન **(BRO)** દ્વારા રસ્તાઓ પરથી બરફ હટાવવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે.



તંત્રી લેખ.....

ચીન પર નિર્ભરતા ઘટાડવા માટે તૈયાર રહો

ચીનના વાણિજ્ય મંત્રાલયે જાહેરાત કરી હતી કે ચોક્કસ નિકાસ પ્રતિબંધો પરના વચગાળાના મોરેટોરિયમને બે મહિના માટે લંબાવવામાં આવી રહ્યો છે. આનો અર્થ એ છે કે તેણે નિકાસ પ્રતિબંધ પરના નિર્ણયને ૧૦ જાન્યુઆરી સુધી મુલતવી રાખ્યો છે. આનો અર્થ એ છે કે વિશ્વભરના ઉદ્યોગોને બે મહિનાની તાત્કાલિક રાહત મળી છે. આ નિવેદન જર્મની, જાપાન અને ભારતની ફેક્ટરીઓ તેમજ વ્યૂહાત્મક તૈયારીઓમાં રોકાયેલા તમામ દેશો માટે એક મોટી વ્યૂહાત્મક છૂટથી ઓછું નહોતું. ચીનનો નિર્ણય વૈશ્વિક ઓટોમોબાઈલ અને સંરક્ષણ સાધનો કંપનીઓનું ભાવિ નક્કી કરવાનો હતો: શું તેઓ આગામી બે મહિના સુધી સરળતાથી કામ કરવાનું ચાલુ રાખશે કે સ્થિર થઈ જશે.

દુર્લભ પૃથ્વી ૧૭ ધાતુઓનો સમૂહ છે. જોકે, નામ પ્રમાણે, આ તત્વો જેટલા દુર્લભ લાગે છે તેટલા દુર્લભ નથી. તેમને દુર્લભ બનાવે છે તે તેમને અલગ કરવાની અને શુદ્ધ કરવાની ક્ષમતા છે. આ પ્રક્રિયા અત્યંત જટિલ, પ્રદૂષિત અને ખર્ચાળ છે. શુદ્ધ દુર્લભ પૃથ્વી તત્વોનો ઉપયોગ નાના, અત્યંત શક્તિશાળી ચુંબક બનાવવા માટે થાય છે. આ ચુંબક ઈલેક્ટ્રિક વાહનો, એર ટર્બાઈન, સ્માર્ટફોન, હાર્ડ ડ્રાઇવ, ફાઈટર જેટ અને ગાઇડેડ મિસાઈલોમાં જડિત હોય છે. તેમનું મહત્વ એ હકીકત પરથી સમજી શકાય છે કે જો એક પણ, એક નાનું, વજન ધરાવતું ચુંબક સમયસર ન પહોંચે તો સૌથી મોટી ફેક્ટરીના સંચાલનને પણ અટકાવી શકે છે. ચીનનો દુર્લભ પૃથ્વીની સમગ્ર સપ્લાય ચેઈન પર સંપૂર્ણ નિયંત્રણ છે. ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (ઈઆ) અનુસાર, ૨૦૨૪ માં, ચુંબક ઉત્પાદનમાં વપરાતા દુર્લભ પૃથ્વી ખનિજોના ખાણકામમાં ચીનનો હિસ્સો આશરે ૬૦ ટકા, શુદ્ધ સામગ્રીમાં આશરે ૯૧ ટકા અને તૈયાર ચુંબક ઉત્પાદનમાં આશરે ૯૪ ટકા હતો. ડિસપ્રોસિયમ અને ટર્બિયમ જેવી ભારે દુર્લભ પૃથ્વી ધાતુઓમાં ચીનનો હિસ્સો લગભગ ૧૦૦ ટકા છે. આ ધાતુઓ ઊંચા તાપમાને પણ ચુંબકને અસરકારક અને કાર્યક્ષમ રાખે છે.

જ્યારે ભારત સહિત ઘણા દેશોમાં દુર્લભ પૃથ્વી ઉપલબ્ધ છે, ત્યારે તે શુદ્ધિકરણ માટે સરળતાથી ઉપલબ્ધ નથી, જે એક મહત્વપૂર્ણ વ્યૂહાત્મક અવરોધ ઊભો કરે છે. આ પરિસ્થિતિ કેવી રીતે ઊભી થઈ? એપ્રિલ ૨૦૨૫ માં, ચીને પસંદગીના દુર્લભ પૃથ્વી ખનિજો પર નિકાસ નિયંત્રણો લાદ્યા, જેના માટે તેમના પુરવઠા માટે લાઈસન્સિંગ જરૂરી બન્યું. ઓક્ટોબર ૨૦૨૫ માં, તેણે અણધારી રીતે આ પ્રતિબંધોનો વિસ્તાર વધારીને હીરા અને લિથિયમ બેટરી ટેકનોલોજીનો સમાવેશ કર્યો, જેનો ઉપયોગ ઔદ્યોગિક હેતુઓ માટે થાય છે. પછીના મહિને, ૯ નવેમ્બરના રોજ, દક્ષિણ કોરિયામાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે થયેલા કરાર પછી આ પ્રતિબંધો એક વર્ષ માટે મુલતવી રાખવામાં આવ્યા હતા. ૯ નવેમ્બરની જાહેરાતમાં વચગાળાના મુદતને બે મહિના લંબાવવામાં આવી છે કારણ કે વોશિંગ્ટન અને બેઇજિંગ કાયમી વેપાર કરાર પર વાટાઘાટો કરી રહ્યા છે. એ નોંધવું જોઈએ કે નિયંત્રણોનું સસ્પેન્શન ફક્ત મુલતવી રાખવામાં આવ્યું છે, નાબૂદ કરવામાં આવ્યું નથી. આ પ્રતિબંધો ચીની નિયમોમાં રહે છે અને કોઈપણ સમયે ફરીથી લાદવામાં આવી શકે છે. ચીનના પગલાં માટે ત્રણ કારણો ટાંકવામાં આવ્યા છે. પ્રથમ, વેપાર વાટાઘાટોમાં તેની સોદાબાજી શક્તિ વધારવી. જ્યારે લાઈસન્સિંગની આવશ્યકતા સંપૂર્ણ પ્રતિબંધ નથી, જ્યારે ૯૦ ટકાથી વધુ વૈશ્વિક પુરવઠો ધરાવતો દેશ આવી પહેલ કરે છે, ત્યારે તે તમામ પુરવઠાને વિક્ષેપિત કરવા માટે પૂરતું છે. બીજું, સેમિકન્ડક્ટર અને અદ્યતન ટેકનોલોજી પર યુએસ પ્રતિબંધોનો બદલો લેવા માટે. ત્રીજું, તેની લાંબા ગાળાની ઔદ્યોગિક વ્યૂહરચના અનુસાર પગલાં લેવા. ચાર દાયકાઓ સુધી, ચીને રિફાઈનિંગમાં ભારે રોકાણ કર્યું, પર્યાવરણીય પ્રદૂષણ સહન કર્યું, અને તેના ઉત્પાદનો તેના સ્પર્ધકો કરતા ઘણા ઓછા ભાવે વેચ્યા, ખાતરી કરી કે વિશ્વમાં બીજે ક્યાંય કોઈ વૈકલ્પિક ઉત્પાદન પ્રણાલી વિકસિત ન થઈ શકે, અને જે કોઈ દેશ આવું કરશે તે ગેરલાભમાં રહેશે. ચોથું કારણ એ છે કે વિશ્વએ યાદ રાખવું જોઈએ કે આ રમત પર કોનું નિયંત્રણ છે. ૨૦૧૦ માં, એક પ્રાદેશિક વિવાદ દરમિયાન, ચીને જાપાનમાં દુર્લભ પૃથ્વીની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો.

બે યુવતીઓએ નોંધાવી હતી ફરિયાદ

અમદાવાદમાં ફૂડ સેફ્ટીના ધજાગરા! વેજ ઓર્ડર સામે પીરસાયું નોન-વેજ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરના વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલી દમસફર રેસ્ટોરન્ટમાં ગ્રાહકોને શાકાહારી ભોજનના બદલે માંસાહારી વાનગી પીરસવામાં આવી હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. બે યુવતીઓએ વેજ વાનગીનો ઓર્ડર આપ્યો હોવા છતાં તેમને નોન-વેજ ભોજન પીરસવામાં આવતાં મામલો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના આરોગ્ય વિભાગ સુધી પહોંચ્યો હતો. ફરિયાદ બાદ આરોગ્ય વિભાગે તપાસ કરીને રેસ્ટોરન્ટને રૂ. ૨૫,૦૦૦નો દંડ ફટકાર્યો છે.

મળતી માહિતી મુજબ, વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલી દમસફર યુનાઈટેડ ફૂડ બ્રાન્ડની રેસ્ટોરન્ટમાં બે યુવતીઓ ભોજન માટે ગઈ હતી. બંનેએ શાકાહારી એટલે કે વેજ વાનગીનો ઓર્ડર આપ્યો હતો. જોકે, રેસ્ટોરન્ટના સ્ટાફ દ્વારા ભૂલથી તેમને માંસાહારી વાનગી પીરસવામાં આવી હોવાનો આક્ષેપ છે.

આ બાબતની જાણ થતાં જ બંને યુવતીઓએ રેસ્ટોરન્ટની બેદરકારી સામે વાંધો ઉઠાવ્યો હતો અને AMCના આરોગ્ય તથા ફૂડ વિભાગમાં લેખિત અને મૌખિક ફરિયાદ કરી હતી.

યુવતીઓની ફરિયાદ મળ્યા બાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગની ટીમે રેસ્ટોરન્ટની મુલાકાત લઈને તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન રસોડા અને ખાદ્ય સામગ્રી સંબંધિત બાબતોની પણ ચકાસણી કરવામાં આવી હતી.

ગ્રાહકોને ઓર્ડર મુજબ ભોજન પીરસવાની જવાબદારીમાં થયેલી બેદરકારીને ધ્યાનમાં રાખીને આરોગ્ય વિભાગે દમસફર બિરયાની સામે કાર્યવાહી કરી હતી.તપાસ બાદ AMCના આરોગ્ય વિભાગે રેસ્ટોરન્ટને રૂ. ૨૫,૦૦૦નો દંડ ફટકાર્યો છે. આ કાર્યવાહી બાદ શહેરના અન્ય રેસ્ટોરન્ટ સંચાલકોમાં પણ ચર્ચા શરૂ થઈ છે.

આ ઘટનાએ રેસ્ટોરન્ટમાં ઓર્ડર મેનેજમેન્ટ, ભોજનની ઓળખ અને ગ્રાહકોને યોગ્ય વાનગી પીરસવાની વ્યવસ્થા સામે સવાલો ઊભા કર્યા છે. ખાસ કરીને શાકાહારી ભોજનનો ઓર્ડર આપતા ગ્રાહકોને યોગ્ય અને સુરક્ષિત ખોરાક મળે તે માટે રેસ્ટોરન્ટ સંચાલકોએ વધુ તકેદારી રાખવી જરૂરી છે.

કારમાંથી બે ગ્લાસ અને બિયરના ખાલી ટીન મળી આવ્યા

દિયોદરમાં નશામાં ધૂત કારચાલકે બાઈકચાલકને અડફેટે લીધો!

(સંપૂર્ણ સમાચાર સેવા)વાવ-થરાદ

વાવ-થરાદ જિલ્લાના દિયોદર પંથકમાં દારૂના નશામાં બેફામ વાહન ચલાવવાના કારણે વધુ એક જીવલેણ અકસ્માત સર્જાયો છે. દિયોદરના લવાણા નજીક કથિત રીતે નશાની હાલતમાં પૂરઝડપે કાર હંકારી રહેલા ચાલકે બાઈકચાલકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બાઈકચાલક રમેશભાઈ રાજપૂતનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

અકસ્માાત બાદ ઘટનાસ્થળે પહોંચેલા સ્થાનિક લોકો અને પોલીસને ચોંકાવનારી વસ્તુઓ મળી આવી હતી. અકસ્માત સર્જનાર કારની તપાસ દરમિયાન તેમાંથી બે ગ્લાસ મળી આવ્યા હતા. જ્યારે કારની બહાર બિયરના બે ખાલી ટીન પણ મળી આવ્યા હતા.આ વસ્તુઓ મળી આવતાં કારચાલક દારૂના નશામાં હતો કે કેમ તે અંગે આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, આ બાબતની સત્તાવાર પુષ્ટિ તપાસ અને જરૂરી કાર્યવાહી બાદ જ થઈ શકશે.ઘટનાની જાણ થતાં જ દિયોદર પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે મૃતક રમેશભાઈ રાજપૂતના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો હતો.

આ મામલે પોલીસે અકસ્માત અને પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી અકસ્માતમાં સંડોવાયેલા બે શખ્સોની અટકાયત કરી છે. હાલ પોલીસ દ્વારા સમગ્ર બનાવ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

લવાણા-દિયોદર હાઈવે પર વારંવાર અકસ્માતની ઘટનાઓ સામે આવતી હોવાથી સ્થાનિક ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. નિર્દોષ બાઈકચાલકના મોત બાદ ગ્રામજનોએ તંત્ર સામે નારાજગી વ્યક્ત કરી છે. ગ્રામજનોની માગ છે કે હાઈવે પર વાહનોની ગતિ નિયંત્રિત કરવા માટે તાત્કાલિક સ્પીડ બ્રેકર (બમ્પ) મૂકવામાં આવે, જેથી વાહનચાલકોની બેફામ ગતિ પર નિયંત્રણ આવે અને ભવિષ્યમાં આવા જીવલેણ અકસ્માતો અટકાવી શકાય.

મેક્રોનના અભિવાદનથી ફરી સર્જાયો વિવાદ

ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોન ફરી વિવાદમાં; આઈસલેન્ડનાં PM સાથે ઓકવર્ડ મોમેન્ટ વાયરલ

ક્રિસ્ટ્રન ફ્રોસ્ટાડોટીર સાથેની મુલાકાતનો વીડિયો વાઈરલ, અગાઉ જ્યોર્જિયા મેલોની સાથેની મુલાકાત પણ ચર્ચામાં રહી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન ફરી એકવાર મહિલા નેતા સાથેના અભિવાદનને લઈને ચર્ચામાં આવ્યા છે. આ વખતે આઈસલેન્ડનાં વડા પ્રધાન ક્રિસ્ટ્રન ફ્રોસ્ટાડોટીર સાથેની તેમની મુલાકાતનો વીડિયો અને તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યાં છે. મુલાકાત દરમિયાન મેક્રોન તેમને ભેટવા માટે આગળ વધ્યા હતા, પરંતુ આઈસલેન્ડનાં પાછળ હટતાં જોવા મળ્યાં હતાં. આ અણધારી ક્ષણે લોકોનું ધ્યાન ખેંચ્યું છે.યુરોપિયન નેતાઓની એક બેઠક દરમિયાન મેક્રોન ક્રિસ્ટ્રન ફ્રોસ્ટાડોટીરને મળવા પહોંચ્યા હતા. આ સમયે તેમણે તેમને ભેટીને અભિવાદન કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ફ્રોસ્ટાડોટીર થોડાં પાછળ ખસતાં જોવા મળ્યાં હતાં અને તેમણે મેક્રોનના ખભા પર હાથ મૂક્યો હતો. આ સમગ્ર ઘટના કેમેરામાં કેદ થઈ ગઈ હતી. વાયરલ તસવીરોમાં બંને નેતાઓના હાવભાવ પણ ચર્ચાનો વિષય બન્યા છે. ફ્રોસ્ટાડોટીરના ચહેરા પર થોડી અસહજતા જોવા મળતી હોવાનો દાવો સોશિયલ મીડિયા પર કરવામાં આવી રહ્યો છે. બીજી તરફ, મેક્રોન હસતા ચહેરે તેમની તરફ આગળ વધી રહ્યા હતા. નજીકમાં રહેલા ફોટોગ્રાફર તરફ ળોસ્ટાડોટીરે નજર કરતાં આ ક્ષણ વધુ ચર્ચામાં આવી હતી.મેક્રોન અગાઉ ઈટાલીનાં વડા પ્રધાન જ્યોર્જિયા મેલોની સાથેની મુલાકાતને લઈને પણ ચર્ચામાં રહ્યા છે. ગયા વર્ષે ૬૭ સમિટ દરમિયાન બંનેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. વીડિયોમાં મેક્રોન મેલોનીના કાનમાં કંઈક કહેતા જોવા મળ્યા હતા. ત્યારબાદ મેલોની આંખો ફેરવતી નજરે પડ્યાં હતાં. આ દૃશ્યને લઈને સોશિયલ મીડિયા પર અનેક પ્રકારની અટકળો શરૂ થઈ હતી કે આખરે મેક્રોને મેલોનીને શું કહ્યું હશે.આ વર્ષની શરૂઆતમાં પેરિસના એલિસી પેલેસમાં મેક્રોન અને મેલોનીની મુલાકાત દરમિયાન પણ એક ક્ષણ ચર્ચામાં આવી હતી. મેક્રોને મેલોનીનું ગાલ પર ચુંબન કરીને સ્વાગત કર્યું હતું, પરંતુ આ અભિવાદન થોડું લાંબું ચાલ્યું હતું. આ દરમિયાન મેલોની થોડા અસહજ દેખાયાં હતાં અને બાદમાં તેમણે પોતાની જાતને સંભાળી લીધી હતી. તે સમયે અમેરિકા અને યુરોપના નેતાઓ વચ્ચે એક મહત્વપૂર્ણ બેઠક ચાલી રહી હતી. જોકે, રાજકીય ચર્ચાઓ કરતાં મેક્રોન અને મેલોની વચ્ચેની આ મુલાકાતની ક્ષણ સોશિયલ મીડિયા પર વધુ ચર્ચામાં રહી હતી. હવે આઈસલેન્ડનાં વડા પ્રધાન સાથેનો નવો વીડિયો સામે આવતાં મેક્રોનની અભિવાદન કરવાની શૈલી ફરી ચર્ચામાં આવી છે.

ભાવનગર મંડળમાં આયોજિત બે ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ શિબિરોનો ૧૨૦થી વધુ રેલવે પેન્શનરોએ લીધો લાભ





પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળમાં રેલવે પેન્શનરો અને પરિવાર પેન્શનરોની સુવિધા તથા કલ્યાણને ધ્યાનમાં રાખીને મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માના માર્ગદર્શન અને પ્રેરણાથી ૧૩ નવેમ્બર ૨૦૨૬ના રોજ રેલવે કમ્યુનિટી હોલ, ભાવનગર પરા ખાતે ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ (DLC) શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

રેલવે બોર્ડની માર્ગદર્શિકા અનુસાર ભાવનગર મંડળમાં ૧ નવેમ્બરથી ૩૦ નવેમ્બર ૨૦૨૬ સુધી ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ (DLC) અભિયાન-૫ ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત મંડળના સાત સ્ટેશનો પર વિશેષ DLC શિબિરોનું આયોજન કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. તેના ભાગરૂપે પ્રથમ શિબિર બોટાદ રેલવે સ્ટેશન ખાતે સફળતાપૂર્વક યોજાઈ ચૂકી છે, જ્યારે ૧૩ નવેમ્બરના રોજ ભાવનગર પરા ખાતે બીજી શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. બંને શિબિરોમાં અત્યાર સુધીમાં ૧૨૦થી વધુ રેલવે પેન્શનરોએ લાભ લીધો છે.

આ પ્રસંગે વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી હુબલાલ જગને ઉપસ્થિત પેન્શનરોને રેલવે પ્રશાસન દ્વારા તેમના હિતમાં ઉપલબ્ધ કરાવવામાં આવતી વિવિધ સુવિધાઓ અને કલ્યાણકારી યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે ડિજિટલ ટેકનોલોજીના માધ્યમથી જીવન પ્રમાણપત્ર જમા કરાવવાની પ્રક્રિયા વિશે પણ વિગતવાર સમજણ આપી હતી.

કાર્યક્રમમાં સહાયક મંડળ નાણાં પ્રબંધક શ્રી સંજય સક્સેના તથા પેન્શનર એસોસિએશનના હોદ્દેદારો પણ ઉપસ્થિત રહ્યા હતા. પેન્શનરો અને એસોસિએશનના હોદ્દેદારોએ રેલવે પ્રશાસન દ્વારા તેમની સુવિધા અને કલ્યાણ માટે કરવામાં આવી રહેલા પ્રયાસોની પ્રશંસા કરી હતી.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે આ અભિયાન અંતર્ગત આગામી વિશેષ DLC શિબિરો ૧૭ નવેમ્બરના રોજ જૂનાગઢ, ૧૮ નવેમ્બરના રોજ જેતલસર, ૧૯ નવેમ્બરના રોજ વેરાવળ, ૨૪ નવેમ્બરના રોજ પોરબંદર તથા ૨૫ નવેમ્બરના રોજ મહુવા રેલવે સ્ટેશન ખાતે યોજાશે.

ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ જમા કરાવવામાં કોઈ મુશ્કેલી પડતી હોય તો પેન્શનરો ભાવનગર પરા સ્થિત મંડળ રેલ પ્રબંધક કચેરીના હિસાબ વિભાગ અથવા પોતાના વિસ્તારના વેલફેર ઈન્સ્પેક્ટરનો સંપર્ક કરી શકે છે.

મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ તમામ રેલવે પેન્શનરો અને પરિવાર પેન્શનરોને અપીલ કરી છે કે તેઓ આ ડિજિટલ સુવિધાનો વધુમાં વધુ લાભ લે અને અંતિમ તારીખની રાહ જોયા વિના નિર્ધારિત સમયમર્યાદામાં પોતાનું જીવન પ્રમાણપત્ર જમા કરાવે.

મંડળ નાણાં પ્રબંધક શ્રી હરિશ જનસારીએ જણાવ્યું હતું કે શિબિરમાં આવતા પેન્શનરોએ પોતાની સાથે આધાર કાર્ડ, પેન્શન પેમેન્ટ ઓર્ડર (PPO), બેંક પાસબુક (ખાતા નંબર અને IFSC વિગતો સહિત) તથા આધાર સાથે લિંક થયેલો મોબાઈલ નંબર અવશ્ય લાવવો.

ભાવનગર મંડળ રેલવે પ્રશાસન પેન્શનરોના કલ્યાણ, તેમની સમસ્યાઓના ઝડપી નિરાકરણ તથા તેમને સરળ, સુલભ અને ડિજિટલ સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે સતત પ્રતિબદ્ધ છે. ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ અભિયાન આ પ્રતિબદ્ધતાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પહેલ છે.

સમયસર ડિજિટલ જીવન પ્રમાણપત્ર જમા કરાવો, પેન્શનની ચૂકવણી નિરંતર ચાલુ રાખો.

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળે એક દિવસમાં થનારી સર્વોચ્ચ આવક અને ફેઈટ આવકનો બનાવ્યો રેકોર્ડ

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળે હાલમાં જ ચાલુ નાણાંકિય વર્ષમાં એક દિવસમાં સર્વોચ્ચ રૂા.૧૨.૯૮ કરોડની કુલ આવક પ્રાપ્ત કરી નવો રેકોર્ડ બનાવ્યો છે. આનાથી પહેલાં મંડળે એક દિવસમાં રૂા.૧૧.૩૭ કરોડની આવક પ્રાપ્ત કરી હતી. આના હેઠળ પેસેન્જર, ફેઈટ આવક, પાર્સલ અને ટિકિટ ચેકિંગ આવકની મૂખ્ય ભૂમિકા રહી.

બીજી બાજુ મંડળે હાલમાં જ એક દિવસમાં રૂા.૧૦.૮૧ કરોડની ફેઈટ આવક પ્રાપ્ત કરી ચાલૂ વર્ષનો અત્યાર સુધીનો સર્વોચ્ચ રેકોર્ડ પણ બનાવ્યો છે. પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી શ્રી ખેમરાજ મીણા દ્વારા આપવામાં આવેલ એક પ્રેસ રીલિઝ મુજબ આનાથી પહેલાં મંડળે એક દિવસમાં રૂા.૯.૩૨ કરોડની માલ લોડિંગ આવક નોંધાવી હતી. આમાં કોલસો, અનાજ, કોંઈલ્સ, પાઈપ અને કન્ટેન્ન જેવી મુખ્ય સામગ્રીઓનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો. આવી રીતે મંડળ રેલવે મેનેજર શ્રી રાજૂ ભડકેના નેતૃત્વમાં પોતાના સવર્શ્રેષ્ઠ પ્રદર્શનને પાછળ છોડતાં, યાત્રી સુવિધાઓ અને માલ પરિવહનમાં વડોદરા મંડળે નવું ધોરણ સ્થાપિત કર્યું છે.

સુંદરતાના નામે લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં

દિલ્હીમાં લાયસન્સ વગર ચાલતી બે નકલી કોસ્મેટિક ફેક્ટરી ઝડપાઈ

ડ્રગ કંટ્રોલ વિભાગના દરોડામાં નકલી સ્કિનકેર પ્રોડક્ટ્સ અને કાચો માલ જપ્ત કર્યા : તંત્રએ વધુ તપાસ હાથ ધરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

શું તમે ક્યારેય વિચાર્યું છે કે તમે જે ફેસ ક્રીમ કે સ્કિનકેર પ્રોડક્ટ ચહેરા પર લગાવી રહ્યા છો, તે ક્યાં અને કેવી રીતે બને છે? જો એ પ્રોડક્ટ લાયસન્સ વગર બની રહી હોય, તો તમારો સુંદર ચહેરો ચમકવાને બદલે મુશ્કેલીમાં મુકાઈ શકે છે! આજે દિલ્હીમાંથી એક ચોંકાવનારો સમાચાર સામે આવ્યા છે, જ્યાં સુંદરતા વધારવાના નામે લોકોના સ્વાસ્થ્ય સાથે મોટો ખેલ રમાઈ રહ્યો હતો.

દિલ્હીમાં નકલી અને ગેરકાયદેસર કોસ્મેટિક પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરતા લોકો સામે ડ્રગ કંટ્રોલ (ઔષધ નિયંત્રણ) વિભાગે મોટી લાલ આંખ કરી છે. વિભાગની સક્રિય ટીમોએ દિલ્હીના પૂથ ખુર્દ વિસ્તારમાં અચાનક દરોડા પાડીને બે મોટી ગેરકાયદેસર ફેક્ટરીઓનો પર્દાફાશ કર્યો છે. આ કાર્યવાહીથી નકલી કોસ્મેટિક્સનું ઉત્પાદન કરતા વેપારીઓમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે.તપાસ દરમિયાન સૌથી ચોંકાવનારી બાબત એ સામે આવી કે આ બંને ફેક્ટરીઓ કોઈપણ પ્રકારના વૈધ ઉત્પાદન લાયસન્સ કે સરકારી પરવાનગી વગર ચાલી રહી હતી. મોટા પાયે સ્કિનકેર અને પર્સનલ કેર પ્રોડક્ટ્સ તૈયાર કરવામાં આવતી હતી. આ પ્રોડક્ટ્સ બજારમાં જાણીતી બ્રાન્ડ્સના નામે કે નકલી પેકિંગ કરીને ગ્રાહકો સુધી પહોંચાડવાની પેરવીમાં હતી.કોઈપણ જાતના ગુણવત્તાના માપદંડો, લેબોરેટરી ટેસ્ટિંગ કે સેફ્ટી ગાઈડલાઈન્સ વગર તૈયાર થતી આવી પ્રોડક્ટ્સ સામાન્ય લોકોની ત્વચા અને સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી સાબિત થઈ શકે છે. આવી નકલી ક્રીમ કે લોશન વાપરવાથી ત્વચા પર એલર્જી, ચામડીના ગંભીર રોગો કે કાયમી નુકસાન થવાનું જોખમ રહેલું છે.તંત્ર દ્વારા કડક કાર્યવાહી ડ્રગ કંટ્રોલ વિભાગ દ્વારા હાલ આ બંને ગેરકાયદેસર એકમોને સીલ કરી દેવામાં આવ્યા છે અને ત્યાંથી મોટા પ્રમાણમાં મળી આવેલો નકલી માલસામાન તથા રો-મટીરિયલ જપ્ત કરવામાં આવ્યું છે.

વિભાગ દ્વારા આ રેકેટની પાછળ સંકળાયેલા મુખ્ય સૂત્રધારા અને માલિકોની શોધખોળ હાથ ધરવામાં આવી છે. તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે જનતાના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારાઓ સામે આગામી દિવસોમાં પણ આવી જ કડક કાર્યવાહી ચાલુ રહેશે.

૧૨ જાન્યુઆરીથી વડોદરા-જામનગર ઈન્ટરસિટી ટ્રેનના નંબર પરિવર્તિત

ટ્રેન સંચાલન અને રેલવે બોર્ડની મંજૂરીને જોતાં કેટલીક ટ્રેનોના સુપરફાસ્ટથી એક્સપ્રેસમાં પરિવર્તિત થવાને લીધે ટ્રેન નંબરોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. આને લીધે ૧૨.૦૧.૨૦૨૭ થી પશ્ચિમ રેલવે વડોદરા મંડળ હેઠળ ટ્રેન નં. ૨૨૯૫૯/૨૨૯૬૦ વડોદરા-જામનગર-વડોદરા સુપરફાસ્ટના નંબરોમાં ફેરફાર કરીને ૧૯૦૨૯/૧૯૦૩૦ વડોદરા-જામનગર-વડોદરા એક્સપ્રેસ કરવામાં આવ્યા છે, સાથે જ બંને દિશાઓની ટ્રેનોના ભાડામાં ઘટાડો થશે.

આ સિવાય વડોદરા-જામનગર ઈન્ટરસિટીના જામનગર આગમન સમયમાં ૧૦ મિનિટનો ફેરફાર કરવામાં આવ્યો છે. બીજી બાજુ જામનગર-વડોદરા ઈન્ટરસિટીના સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી શ્રી ખેમરાજ મીણા દ્વારા આપવામાં આવેલ એક પ્રેસ રીલિઝ મુજબ ટ્રેન નંબર ૨૨૯૫૯ વડોદરા-જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસનો નવો ટ્રેન નંબર ૧૯૦૨૯ હશે. હવે આ ટ્રેન પોતાના નિર્ધારિત સમય ૨૩:૩૦ કલાકને બદલે ૨૩:૪૦ કલાકે જામનગર પહોંચશે. ત્યાં જ ટ્રેન નંબર ૨૨૯૬૦ જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસનો નવો ટ્રેન નંબર ૧૯૦૩૦ હશે. આ ટ્રેનના સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

યાત્રીઓને જણાવવામાં આવે છે કે પોતાની યાત્રાનું આયોજન કરતી વખતે બદલાયેલ ટ્રેન નંબર અને સમયનું ધ્યાન રાખે. યાત્રી વિગતવાર માહિતી અને અદ્યતન સમય-પત્રક માટે રેલવેની અધિકૃત વેબસાઈટ www.enquiry.indianrail.gov.in જોઈ શકે છે.

૧૬ નવેમ્બરના રોજ પ્રતાપનગર – રકસૌલ વચ્ચે વન વે સ્પેશિયલ ટ્રેન સેવા

યાત્રીઓની સુવિધા અને માંગને ધ્યાનમાં રાખતાં પશ્ચિમ રેલવે વડોદરા મંડળના પ્રતાપનગરથી રકસૌલ સ્ટેશન વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેનની એક ટ્રિપ ચલાવવામાં આવી રહી છે.

પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી શ્રી ખેમરાજ મીણા દ્વારા આપવામાં આવેલ એક પ્રેસ રીલિઝ મુજબ ટ્રેન નંબર ૦૯૧૩૩ પ્રતાપનગર – રકસૌલ વન-વે સ્પેશિયલ પ્રતાપનગરથી ૧૬ નવેમ્બર ૨૦૨૬ (સોમવાર) ના રોજ રાત્રે ૨૩:૫૦ કલાકે પ્રસ્થાન કરશે અને બુધવારની સવારે ૦૬:૩૦ કલાકે રકસૌલ પહોચશે.

આ ટ્રેન વડોદરા ,ગોધરા, દાહોદ, રતલામ, નાગદા, ઉજ્જૈન, મક્સી, સંત હિરદારામ નગર, બીના, વીરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી, કાનપુર સેન્ટ્રલ, લખનઉ, બારાબંકી, ગૌડા, બસ્તી, ખલીલાબાદ, ગોરખપુર, કપ્તાનગંજ, સિસવા બજાર, બગહા અને નરકટિયાગંજ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં સ્લીપર અને દ્વિતીય શ્રેણીના જનરલ ડબ્બાઓ હશે. ટ્રેન નંબર ૦૯૧૩૩ નું બુકિંગ બધા પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થઈ ગયું છે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www. enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ah

આદિવાસી કાર્ય મંત્રાલય
Ministry of Tribal Affairs
Government of India

આદિવાસી ગૌરવ દિવસ

ધરતી આબા ભગવાન બિરસા મુંડાના દૃષ્ટિકોણ

અમારી પ્રેરણા

ભારતના આદિવાસીઓની ભાવના,
શક્તિ અને વારસાનો ઉત્સવ



આદિવાસી ગૌરવ દિવસ

૧૫ નવેમ્બર, ૨૦૨૬ | ગઢચિરોલી, મહારાષ્ટ્ર | સવારે ૧૧:૦૦ થી બપોરે ૧૨:૧૫ સુધી

વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા 3000 કરોડ રૂપિયાના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી દ્વારા વિશેષ સંબોધન, ઉદ્ઘાટન અને શિલાન્યાસ

રાજ્યોમાં

૨૪૬

પ્રોજેક્ટ્સ

◆ ઉદ્ઘાટન થનારા પ્રોજેક્ટ્સ (૧૭૩) ◆ શિલાન્યાસ માટેના પ્રોજેક્ટ્સ (૭૩)

પ્રોજેક્ટની મુખ્ય લાક્ષણિકતાઓ

- પીએમ-જનમન હેઠળ ૧૦૦ એમપીસી (બહુહેતુક કેન્દ્રો)
- કલમ ૨૭૫(૧) હેઠળ ૩૨ નવા વિદ્યાલયો, છાત્રાલયો અને સ્વાસ્થ્ય કેન્દ્રો
- ડીએજેજીયુએ હેઠળ ૫૫ નવી છાત્રાલયો, વિદ્યાલય સુવિધાઓ અને આદિવાસી બહુહેતુક માર્કેટિંગ કેન્દ્રો
- ૧૧ રાજ્યોમાં ૫૭ નવી એકલવ્ય આદર્શ નિવાસી શાળાઓ
- આદિવાસી સંશોધન સંસ્થા ભવન પાંચાલી, ઇટાનગર, અરુણાચલ પ્રદેશ
- રોપુઈલિયાની ટ્રાઇબલ ફ્રીડમ ફાઇટર્સ મ્યુઝિયમ, કેલ્સિહ, આઇઝોલ, મિઝોરમ

CBC 43101/13/0016/2627

માનનીય પ્રધાનમંત્રીના નેતૃત્વમાં આદિવાસી વિકાસના ૧૨ વર્ષ

સમાવેશ, અવસર, અધિકારો અને પાયાના વિકાસ દ્વારા આદિવાસી કલ્યાણમાં પરિવર્તન

◆ આદિવાસી કલ્યાણ માટે પ્રતિબદ્ધતા

- બજેટ ૩.૫ ગણું: છેલ્લા ૧૨ વર્ષમાં ૪,૨૯૫ કરોડ રૂપિયાથી વધીને ૧૫,૪૨૧ કરોડ રૂપિયા થયું
- પીએમ-જનમન અને ડીએજેજીયુએ યોજનાઓ હેઠળ સંયુક્ત રીતે ૧ લાખ કરોડ રૂપિયાથી વધુનો સંયુક્ત ખર્ચ
- પ્રધાનમંત્રી જનમન: ૩.૩ લાખ પાકા ઘરોનું નિર્માણ, ૩,૩૦૦ કિમી રસ્તાઓનું નિર્માણ, ૧.૪ લાખ ઘરોનું વીજળીકરણ
- ૯,૧૦૦ પીવીટીજી ગામડાઓ પાઇપલાઇન દ્વારા પીવાના પાણીથી સંતૃપ્ત થયા
- ડીએજેજીયુએ: ૬૩,૮૦૦ ગામડાઓ, ૫.૪ કરોડ આદિવાસી લોકો આવરી લેવામાં આવ્યા

◆ વન અધિકારો: સમુદાય માલિકીની માન્યતા

- દેશભરમાં વન અધિકાર કાયદા હેઠળ ૫૪,૦૧,૫૬૧ દાવા પ્રાપ્ત થયા
- ૨,૩૭,૯૧,૮૨૭ એકરમાં ફેલાયેલી વન જમીન માટે ૨૫,૪૨,૩૬૯ માલિકી હકપત્રોનું વિતરણ
- ગ્રામસભાના નેતૃત્વ હેઠળના વન સંરક્ષણ અને સમુદાય સંસાધન વ્યવસ્થાપનને મજબૂત બનાવાયું

◆ સ્વાસ્થ્ય સંભાળ અને મૂળભૂત શાસન

- ૭૬,૯૬૩ ગામડાઓમાં છેવાડાના વિસ્તારો સુધી કલ્યાણકારી સેવાઓ પહોંચાડવા માટે ૧.૫૪ લાખ આદિ કર્મયોગી સ્વયંસેવકો
- ૧ લાખ ઉપચારકોને તાલીમ અને પ્રમાણિત કરવાના લક્ષ્યાંક માટે ૧,૫૦૦ પરંપરાગત આદિવાસી ઉપચારકોને તાલીમ આપવામાં આવી
- રાષ્ટ્રીય સિકલ સેલ એનિમિયા નાબૂદી માટેના રાષ્ટ્રીય મિશન હેઠળ ૧૯ સક્ષમતા કેન્દ્રોને મંજૂરી આપવામાં આવી, આમાંથી ૪ કેન્દ્રોનું ઉદ્ઘાટન

◆ શિક્ષણ: આગામી પેઢીનું સશક્તિકરણ

- ૫૩૨ એકલવ્ય આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત; ૧.૭ લાખ વિદ્યાર્થીઓ, જેમાંથી અડધી છોકરીઓ છે.
- આદિવાસી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ફેલોશિપ માટે ૨૨,૦૦૦ કરોડ રૂપિયાથી વધુનું વિતરણ
- ૬૨ વર્ષે ૩૦ લાખ આદિવાસી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મળે છે

◆ આજીવિકા અને ઉદ્યમ સાહસિકતા વિકાસ

- દેશભરમાં ૩૬૫૨ વન ધન વિકાસ કેન્દ્રો સંચાલિત
- ૯,૬૮,૩૫૦ સભ્યોને લાભાન્વિત કરવા સાથે ૧૮૮.૨૨ કરોડ રૂપિયાનું વેચાણ થયું
- આદિવાસી કારીગરો અને ઉદ્યોગસાહસિકોને બજાર જોડાણો, ડિઝાઇન વિકાસ અને ઉદ્યોગસાહસિકતા સંવર્ધન દ્વારા સહાય પૂરી પાડવામાં આવે છે.
- આદિવાસી કલા મહોત્સવ ૨૦૨૬ માં ૨ કરોડ રૂપિયાના વેચાણ સાથે ૧,૦૦૦ થી વધુ કલાકૃતિઓનું પ્રદર્શન

◆ સંસ્કૃતિ, વારસો અને ડિજિટલ સમાવેશ

- દેશભરમાં ૧૧ માંથી ૪ આદિવાસી સંગ્રહાલયોનું ઉદ્ઘાટન થયું
- આદિ વાણી: ૯ આદિવાસી ભાષા લાઇવ સાથે એઆઈ-આધારિત પ્લેટફોર્મ લાઇવ; વધુ ભાષાઓ વિકાસ હેઠળ છે
- ૧૩ રાજ્યો ના ૧૬ આદિવાસી હોટસ્પોટ્સમાં ૨૦૦-૩૦૦ ઔષધીય વનસ્પતિ પ્રજાતિઓનું દસ્તાવેજીકરણ અને સંરક્ષણ

- દૂરદર્શન પર જીવંત પ્રસારણ -

વાલ્મીકિ સમાજની સેવા માટે સમાજના કાર્યકારી પ્રમુખ તરીકેની જવાબદારી સ્વીકારતા સમાજમાં આનંદ ની લહેર



(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા) સુરત

અંકલેશ્વર ના જાણીતા સમાજ સેવક સિનિયર એડવોકેટ અને ઉધોગપતિ શ્રી ડી સી સોલંકી સાહેબે વાલ્મીકિ સમાજ આર્થિક સામાજિક અને શૈક્ષણિક રીતે સધ્ધર થાય અને સમાજ ના ઉત્થાન માટે પૂરા ગુજરાત માં સામુહિક પ્રયાસ કરી શકાય તે માટે ગુજરાત વાલ્મીકિ સમાજ ની સામાજિક સંસ્થા ગુજરાત પ્રદેશ વાલ્મીકિ સમાજ ના કાર્યકારી પ્રમુખ તરીકે ની સેવા બજાવવા સ્વૈચ્છિક સ્વીકાર કરેલ છે.જે બદલ ગુજરાત પ્રદેશ વાલ્મીકિ સમાજ ના પ્રમુખ ભાઈલાલ બી વૈષ્ણવ કાર્યકારી પ્રમુખ શશીકાંત સોલંકી મહામંત્રી કાન્તિભાઈ બી સોલંકીએ આનંદ અને ગૌરવ ની લાગણી અનુભવી છે .સમાજની નિષ્ઠા નિઃસ્વાર્થ સેવા બજાવતા શ્રી ડી સી સોલંકી સાહેબ વાલ્મીકિ સમાજ ને માર્ગદર્શન અને સમાજ ને સત્ય અને અહિંસા ના રસ્તે આગળ વધવામાં સફળતા મળશે અને સમાજ ચોક્કસ પ્રગતિ કરશે પ્રોત્સાહન મળશે એવો આશા અને વિશ્વાસ.

ભાઈલાલ બી વૈષ્ણવ પ્રમુખ,

સાવધાન! દવા કંપનીઓની કમિશનબાજીથી દર્દી હવે મેડિકલ માફિયાઓ માટે બલિનો બકરો બની ગયો છે

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા દ્વારા) સુરત

ભારતમાં તબીબી ક્ષેત્રનું આ માફિયાકરણ એટલી હદે વકરી ગયું છે કે અમુક ભ્રષ્ટ ડોક્ટરો, હોસ્પિટલો અને મલ્ટિનેશનલ કંપનીઓની કમિશનબાજી વચ્ચે દર્દી માત્ર એક બકરો બનીને રહી ગયો છે. જ્યારે એક ગરીબ કે મધ્યમવર્ગીય પરિવાર પોતાના સ્વજનની સારવાર માટે ઘરબાર વેચી દે છે, દાગીના ગીરવે મૂકી દે છે અને દેવાના ડુંગર નીચે દબાઈ જાય છે, ત્યારે તેને એમ હોય છે કે તે પોતાના સ્વજનને શ્રેષ્ઠ ઉપચાર આપી રહ્યો છે. પરંતુ તેને કલ્પના પણ નથી હોતી કે જે હૃદયનું સ્ટેન્ટ બેસાડવામાં આવ્યું છે તે થોડા મહિનામાં જ બ્લોક થઈ જશે

અથવા જે ઘૂંટણનું પ્રત્યારોપણ કરવામાં આવ્યું છે તેનો સાંધો નકલી કે ખામીયુક્ત નીકળશે અને આખી જિંદગી દર્દી પથારીવશ થઈ જશે. આ સ્થિતિ હવે અસહ્ય બની ચૂકી છે અને તેને તાત્કાલિક અસરથી ડામી દેવાની જરૂર છે. સરકારે અને ન્યાયતંત્રએ હવે આંખ આડા કાન કરવાનું બંધ કરવું પડશે.

ઈન્ડિયન ફાર્માકોપિયા કમિશન અને સીડીએસસીઓ જેવી નિયમનકારી સંસ્થાઓને આદેશ આપવો જોઈએ કે તેઓ ભારતમાં પણ અમેરિકાની જેમ પ્રત્યેક ખામીયુક્ત મેડિકલ ડિવાઈસનું નામ, તેનું મોડેલ અને તેના ઉત્પાદકનું નામ તાત્કાલિક અસરથી સાર્વજનિક પોર્ટલ પર જાહેર કરે.

જે કંપનીઓના ઉપકરણો દર્દીઓના મોત કે કાયમી ખોડખાંપણ માટે જવાબદાર સાબિત થાય, તેમના લાયસન્સ રદ કરીને તેમના સંચાલકો સામે ગુનાહિત માનવવધના કાયદા હેઠળ કેસ ચલાવવામાં આવે.

જ્યાં સુધી આ નિર્દય નફાખોરો જેલના સળિયા પાછળ નહીં જાય અને જ્યાં સુધી આ ભ્રષ્ટ સરકારી બાબુઓની જવાબદારી નક્કી નહીં થાય, ત્યાં સુધી ભારતીય આરોગ્ય વ્યવસ્થા સામાન્ય નાગરિકો માટે જીવલેણ છટકું જ બની રહેશે. સ્વાસ્થ્ય એ કોઈ વેપાર નથી પરંતુ મૂળભૂત અધિકાર છે, અને કંપનીઓની નફાખોરી માટે સામાન્ય માણસના લોહીનું બલિદાન હવે કોઈપણ સંજોગોમાં ચલાવી લેવાશે નહિ. દેશની પ્રજા શાંત બેસી શકે નહિ.

શું છે AQI અને તે કેવી રીતે માપવામાં આવે છે?

દિવાળીમાં ગુજરાતની હવા બની ઝેરી? AQI રાજકોટમાં ૧૦૦૦, સુરતમાં ૭૦૦, અમદાવાદમાં ૫૦૦ ને પાર?

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા દ્વારા) સુરત

AQI એટલે (એર ક્વોલિટી ઈન્ડેક્સ) જે હવામાં રહેલા પ્રદૂષકોની માત્રા અને હવાની ગુણવત્તા દર્શાવતો સૂચકાંક છે. હવામાં રહેલા વિવિધ પ્રદૂષકોનું માપન કરીને **AQI** નક્કી કરવામાં આવે છે.

AQI જેટલો ઓછો હોય સામાન્ય રીતે હવા એટલી સારી ગણાય છે, જ્યારે આંકડો વધે તેમ પ્રદૂષણ નું સ્તર વધતું હોવાનું સૂચવે છે. **AQI** ના અલગ-અલગ સ્તરોને રંગો દ્વારા દર્શાવવામાં આવે છે. જેથી હવાની ગુણવત્તા સમજવામાં સરળતા રહે. સામાન્ય રીતે **AQI** ના પ્રમાણભૂત સ્કેલ માં ૦ થી ૫૦૦ સુધીની રેન્જ દર્શાવવામાં આવે છે. જો કે, કેટલાક મોનિટરિંગ રિપોર્ટમાં ૫૦૦ થી વધુના આંકડા પણ જોવા મળી શકે છે. આવા આંકડાઓ માટે સંબંધિત મોનિટરિંગ સ્ટેશન, માપન પદ્ધતિ અને સમયગાળો ચકાસવો જરૂરી છે.

આમ દિવાળીના તહેવારોમાં રોશની અને ફટાકડાની ઉજવણી વચ્ચે અમદાવાદ, સુરત, રાજકોટ સહિત મોટાભાગના વિસ્તારોની હવાની ગુણવત્તા અંગે ચિંતાજનક આંકડા સામે આવ્યા છે. દિવાળીની રાત્રે ફટાકડાના ધુમાડાને કારણે શહેરોના અનેક વિસ્તારોમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ (**AQI**) ઊંચા સ્તરે પહોંચ્યો હતો. જેને કારણે શહેરોના કેટલાક વિસ્તારોમાં તો ધુમ્મસ અને ધુમાડાને કારણે રસ્તા પર લગભગ ૨૦૦ મીટર દૂરનું દ્રશ્ય પણ સ્પષ્ટ દેખાતું ન હતું.

ઊંચા વળતરની લાલચમાં વેપારી સાથે છેતરપિંડી

૧૫ લાખના રોકાણ સામે મહિને અઢી લાખની લાલચ આપી ઠગાઈ

અમદાવાદના વેપારીએ વડોદરાના બ્રોકરને સ્ટોક માર્કેટમાં રોકાણ કરાવી લાખો રૂપિયા પડાવ્યા, ચાંદખેડા પોલીસમાં ફરિયાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

સ્ટોક માર્કેટમાં રોકાણ કરી ટૂંકા સમયમાં મોટું વળતર મેળવવાની લાલચ આપીને છેતરપિંડી કરવાના કિસ્સા વધી રહ્યા છે ત્યારે વડોદરામાં બ્રોકરેજનું કામ કરતા પરવેઝ સૈયદને અમદાવાદના વેપારીએ સ્ટોક માર્કેટની કંપનીમાં રોકાણ કરાવવાના બહાને ૧૫ લાખનો ચૂનો લગાવ્યો હોવાની ફરિયાદ ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.ફરિયાદ મુજબ, આશરે દોઢ વર્ષ અગાઉ વડોદરાનો પરવેઝ સૈયદ અમદાવાદ આવ્યો હતો. આ દરમિયાન તેની મિત્ર સોનિયા શેખે તેનો પરિચય બિલ્ડ ફ્યુચર નામની સ્ટોક માર્કેટ કંપનીના માલિક જયેશ શાહ સાથે કરાવ્યો હતો. જયેશ શાહે કંપનીમાં ૧૫ લાખનું રોકાણ કરવામાં આવે તો દર મહિને ૨.૫૦ લાખ વળતર આપવાની ખાતરી આપી હતી. આટલું ઊંચું વળતર મળવાની લાલચમાં આવી પરવેઝ સૈયદે ૧૫ લાખનું રોકાણ કર્યું હતું.રોકાણ કર્યા બાદ બે મહિના વીતી જવા છતાં તેમને કોઈ વળતર મળ્યું નહોતું. આ અંગે તેમણે સોનિયા શેખને પૂછપરછ કરતાં જયેશ શાહ હાલ મુશ્કેલીમાં હોવાનું અને ટૂંક સમયમાં તેમના પૈસા પરત મળી જશે તેવી ખાતરી આપવામાં આવી હતી. દરમિયાન, પરવેઝ સૈયદે જગતપુર ખાતે આવેલી જયેશ શાહની ઓફિસે જઈ તપાસ કરતાં ઓફિસ લાંબા સમયથી બંધ હોવાનું જાણવા મળ્યું હતું. વધુ તપાસમાં જયેશ શાહે અન્ય કેટલાક લોકો સાથે પણ આ જ પ્રકારની છેતરપિંડી કરી હોવાની વિગતો સામે આવી હતી. બીજી તરફ, જયેશ શાહે આપેલો ચેક બેંકમાં જમા કરાવતા તે પણ રિટર્ન થયો હતો.આખરે પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતાં પરવેઝ સૈયદે સોનિયા શેખ અને જયેશ શાહ વિરુદ્ધ ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે કોઈ પણ રોકાણ પર ખૂબ જ મોટું વ્યાજ આપવાની વાત આવે ત્યારે રોકાણ કરતાં પહેલા ખાસ તકેદારી રાખવી જરૂરી છે. કેમ કે આવા તત્ત્વો લે ભાગુ જ હોઈ શકે છે. આ ઉપરાંત સોશિયલ મીડિયા કોઈ પણ પ્લેટફોર્મ પર પણ રોકાણની લોભામણી લાલચથી એલર્ટ થઈ જવું.

વિદ્યાસહાયક ભરતીમાં ઉમેદવારો માટે નિમણૂક પહેલાં અનામત ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રોની થશે ખરાઈ

SC, ST અને SEBC ઉમેદવારોએ અસલ દસ્તાવેજો સાથે નિર્ધારિત તારીખે કચેરીએ હાજર રહેવું પડશે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગાંધીનગર સ્થિત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ અને પ્રાથમિક શિક્ષણ નિયામકની સૂચના અનુસાર, સમગ્ર ગુજરાત રાજ્યમાં ધોરણ-1થી 5ની વિદ્યાસહાયક ભરતી પ્રક્રિયા અંતર્ગત હવે પ્રમાણપત્રની ખરાઈની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. રાજ્યના તમામ જિલ્લાઓમાં વર્ષ 2026ની ભરતી પ્રક્રિયા હેઠળ પસંદગી પામેલા અનામત વર્ગના ઉમેદવારો માટે નિમણૂક પત્ર આપતા પહેલા જાતિ પ્રમાણપત્રની ચકાસણી કરવાનું અનિવાર્ય બનાવવામાં આવ્યું છે.રાજ્ય સરકારના વિવિધ વર્ગોમાં નિમણૂક પાત્ર ઉમેદવારોના પ્રમાણપત્રો સંબંધિત વિશેષ સમિતિ મારફત ખરાઈ કરાવવાના નિયમો છે. આ જ નિયમોને આધિન રહીને રાજ્યના વાવ-થરાદ, કચ્છ, ભાવનગર સહિત તમામ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિઓ દ્વારા SC, ST અને SEBC/OBC વર્ગના પસંદગી પામેલા ઉમેદવારોને પોતાના જાતિ પ્રમાણપત્રની ખરાઈ સમયસર કરાવી લેવા માટે સત્તાવાર પરિપત્રો જારી કરવામાં આવ્યા છે. સંબંધિત જિલ્લા કચેરીઓ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ, ઉમેદવારોએ નિર્ધારિત તારીખ અને સમયે પોતાના અસલ દસ્તાવેજો, જરૂરી આધાર-પુરાવા અને ચેકલિસ્ટ સાથે સંબંધિત વિભાગીય કચેરી ખાતે ઉપસ્થિત રહેવાનું રહેશે. રાજ્યના કચ્છ જિલ્લામાં SC અને SEBC ઉમેદવારો માટે 15, 16 અને 17 નવેમ્બરે ચકાસણી હાથ ધરાશે. જ્યારે, ભાવનગર અને વાવ-થરાદ જિલ્લાઓમાં પણ 17 નવેમ્બરે નિર્ધારિત સ્થળોએ ચકાસણી પ્રક્રિયા પૂર્ણ કરવા સૂચના અપાઈ છે. રાજ્યના અન્ય જિલ્લા દ્વારા પોત પોતાની રીતે ચકાસણી કાર્યક્રમોનું આયોજન કરી ઉમેદવારોને હાજર રહેવા માટે સૂચના આપી છે.

બોર્ડ અને શિક્ષણ વિભાગના જણાવ્યા અનુસાર, જાતિ પ્રમાણપત્ર માન્ય ઠર્યા બાદ જ ઉમેદવારોને કાયદેસરના નિમણૂક હુકમ આપવામાં આવશે.

આ પ્રક્રિયાથી ભરતીમાં પારદર્શિતા જળવાઈ રહેશે અને પાત્રતા ધરાવતા સાચા ઉમેદવારોને જ તેનો લાભ મળશે. તમામ સંબંધિત ઉમેદવારોને સમયસર પોતાના દસ્તાવેજોની ખરાઈ કરાવી લેવા ખાસ તાકીદ કરાઈ છે.

લાઈફ સર્ટિફિકેટના નામે સાયબર ઠગાઈ

ઓનલાઈન લાઈફ સર્ટિફિકેટની પોસ્ટ પર ક્લિક કરતાં વૃદ્ધે ૧૦ લાખ ગુમાવ્યા

APK ફાઈલ ડાઉનલોડ કરાવી ફોનનો એક્સેસ મેળવ્યો, શાહીબાગના નિવૃત્ત રેલવે કર્મચારી સાથે છેતરપિંડી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શહેરમાં રહેતા અને ભારતીય રેલવેમાંથી નિવૃત્ત થયેલા વૃદ્ધ સાથે સાયબર ભોડ થયાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. વૃદ્ધને પેન્શન માટે હયાતીનું ફોર્મ ભરવાનું હતું તેવામાં ઈન્સ્ટાગ્રામ પર લાઈફ સર્ટિફિકેટ ઓનલાઈન એપ્લાય કરવા માટેની પોસ્ટ જોઈ હતી. તેની પર ક્લિક કરતા જ ગઠિયાઓએ એપીકે ફાઈલ મોકલીને ફોનનો એક્સેસ મેળવીને કુલ રૂ. ૧૦.૧૦ લાખ સેરવી લીધા હતા. આ મામલે શહેર સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. શાહીબાગમાં રહેતા ૬૬ વર્ષીય વૃદ્ધ છ વર્ષ પહેલાં ભારતીય રેલવેમાંથી ઓ.એસ.ની પોસ્ટ પરથી નિવૃત્ત થયા હતા. ગત તા.૯મીએ વૃદ્ધ ઈન્સ્ટાગ્રામમાં રીલ જોતા હતા, ત્યારે બેંક ઓફ ઈન્ડિયા તરફથી લાઈફ સર્ટિફિકેટ ઓનલાઈન એપ્લાય કરવા માટેની પોસ્ટ જોઈ હતી. વૃદ્ધને દર વર્ષે પેન્શન માટે હયાતીનું ફોર્મ ભરવાનું હોવાથી આ પોસ્ટને સાચી સમજીને ક્લિક કરતા તેમની ખાનગી વિગતો અને બેંક ડિટેઈલ્સ ભરાવી હતી. જોકે તે સબમિટ ન થતાં થોડી વારમાં અજાણ્યા નંબર પરથી મેસેજ આવ્યો હતો. ગઠિયાઓએ તે મેસેજમાં એપીકે ફાઈલ મોકલ્યા બાદ વીડિયો કોલ કરીને ફાઈલ ડાઉનલોડ કરાવી હતી. બાદમાં ફરી વિગતો ભરાવીને ફોનનો એક્સેસ મેળવીને ત્રણ ટ્રાન્ઝેકશનથી ૧૦.૧૦ લાખ સેરવી લીધા. વૃદ્ધે આ મામલે સાયબર ક્રાઈમ પોલીસસ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ આરંભી છે.

પોલીસ ફરિયાદના પગલે પારિવારિક ઝઘડો વકર્યો

ફરિયાદ કેમ કરી કહી બનેવી અને તેની બહેને બે સાળા પર હુમલો કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

વટવાના યુવક અને તેના ભાઈએ તેની માતા, બહેન તથા બનેવી વિરુદ્ધ ઈસનપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવીને પરિવાર પરત ફર્યો હતો. આ દરમિયાન રસ્તામાં બનેવી અને તેની બહેન સહિત ૨ અજાણ્યા શખસ રિક્ષામાં આવ્યા અને 'અમારા વિરુદ્ધ પોલીસ ફરિયાદ કેમ નોંધાવી છે?' તેમ કહીને બંને ભાઈ અને ભાભી પર હુમલો કરી દીધો હતો. આ અંગે યુવકે મણિનગર પોલીસ મથકે બનેવીની બહેન વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.વટવા વિસ્તારમાં સૈયદવાડી બસ સ્ટેશન પાસે કુતુબનગરમાં રહેતા ૩૧ વર્ષીય સિકંદરઅલી ગનીખાન મુસ્લા ઈસનપુરમાં આવેલી એક ગારમેન્ટની કંપનીમાં સિલાઈકામ કરે છે. તેમણે નોંધાવેલી ફરિયાદ અનુસાર ગત ૧૧ નવેમ્બરે સાંજે ૭:૩૦ વાગ્યે તે અને તેમની પત્ની આબેદાબેન (ઉં. વ. ૨૩), નાના ભાઈ ગુલામ જીલાની અને તેની પત્ની સના સાથે ઈસનપુર પોલીસ મથકે પોતાની માતા સેનાઝબાનુ, બહેન સમીમ અને બનેવી આરીફ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ નોંધાવ્યા બાદ રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ ફરિયાદી યુવક સિકંદરઅલી, તેની પત્ની આબેદાબેન અને ભાઈ ગુલામ જીલાની મણિનગર મીરા સિનેમા ચાર રસ્તા પાસે રજવાડી ટી સ્ટોલની દુકાન આગળ જાહેર રોડ પર ઊભા હતા. તે સમયે એક રિક્ષામાં બનેવી આરીફ, તેની બહેન મિનાઝ અને અન્ય ૨ અજાણ્યા શખસ ત્યાં પહોંચ્યા હતા. આ દરમિયાન બનેવીની બહેન મિનાઝે સિકંદરઅલી અને ગુલામ જીલાનીને પૂછ્યું કે તમે લોકોએ અમારી વિરુદ્ધ ફરિયાદ કેમ નોંધાવી છે? તેમ કહી અપશબ્દો બોલવાનું શરૂ કર્યું હતું. બંને ભાઈઓએ મિનાઝને અપશબ્દો બોલવાની ના પાડતાં મિનાઝ ઉશ્કેરાઈ ગઈ અને સિકંદરઅલીને લાફો માર્યો હતો.

આ દરમિયાન મામલો શાંત પડાવવા માટે સિકંદરઅલીની પત્ની આબેદા વચ્ચે પડતાં મિનાઝે તેને પણ ૨ લાફા મારી દીધા હતા. ત્યારબાદ બનેવી આરીફ અને તેની સાથે આવેલા ૨ અજાણ્યા શખસે સિકંદરઅલી અને ગુલામ જીલાની સાથે ઝપાઝપી કરી માર માર્યો હતો. આ દરમિયાન આરોપી બનેવીએ સાળા ગુલામ જીલાનીને ડાબા ખભા અને કમરના ભાગે લોખંડના સળિયા જેવા હથિયારથી માર મારતાં ગંભીર ઈજા થઈ હતી. હુમલા બાદ આરોપીઓએ ધમકી આપી હતી કે, હવે પછી રસ્તામાં ક્યારેય ફરી મળશો તો હાથ-પગ તોડી નાખીશું. ઈજાગ્રસ્ત સિકંદરઅલી અને તેના ભાઈએ બૂમાબૂમ કરતાં આસપાસના લોકો એકઠા થઈ જતા ચારેય આરોપી ફરાર થઈ ગયા હતા. ત્યારબાદ ૧૧૨ પર જાણ કરવામાં આવતાં પોલીસ પહોંચી હતી. ઈજાગ્રસ્ત ગુલામ જીલાનીને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે એલ. જી. હોસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં પ્રાથમિક સારવાર બાદ તેને રજા આપવામાં આવી હતી. આ અંગે ઈજાગ્રસ્ત યુવકે મણિનગર પોલીસ મથકે બનેવીની બહેન વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

સુરતમાં રાજેન્દ્ર કુલી હત્યા કેસમાં ક્રાઈમ બ્રાન્ચની મોટી કાર્યવાહીઃ ત્રણ આરોપીઓ ઝડપાયા, એક હજુ ફરાર

તીક્ષ્ણ હથિયારોથી જીવલેણ હુમલો કરી રાજેન્દ્ર સુરેશભાઈ કુલીની હત્યા કરવાના ગુનામાં ત્રણ આરોપીઓની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત શહેરના અશ્વિનીકુમાર વિસ્તારમાં આવેલા અટલજીનગરમાં રાજેન્દ્ર સુરેશભાઈ કુલીની હત્યાના ચકચારી બનાવમાં સુરત ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. તીક્ષ્ણ હથિયારોથી જીવલેણ હુમલો કરી હત્યા કરવાના ગુનામાં સંડોવાયેલા ચાર આરોપીઓ પૈકી ત્રણ આરોપીઓને પોલીસે ઝડપી પાડ્યા છે, જ્યારે એક આરોપી હજુ ફરાર છે.

મળતી માહિતી મુજબ, ગત ૧૦ નવેમ્બર ૨૦૨૬ના રોજ સાંજે આશરે પાંચ વાગ્યાના અરસામાં સુરતના અશ્વિનીકુમાર રોડ પર આવેલા અટલજીનગરમાં શનિદેવ મંદિરની બાજુના જાહેર રસ્તા પર આ બનાવ બન્યો હતો.

આરોપીઓ રાજુ રામકિશોર સરોજ, રમેશ સુભાષ બિંદ, સાહિલ સોનકર અને રાહુલ ગુપ્તાએ એકબીજાની મદદગારીથી રાજેન્દ્ર સુરેશભાઈ કુલી પર તીક્ષ્ણ હથિયારો વડે જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલામાં રાજેન્દ્રને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સુરત પોલીસ કમિશનર દ્વારા આરોપીઓને ઝડપથી પકડવા સૂચના આપવામાં આવી હતી. ત્યારબાદ ક્રાઈમ બ્રાન્ચની અલગ-અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળની મુલાકાત લઈ આસપાસના CCTV ફૂટેજ તપાસ્યા હતા. સાથે જ ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી આરોપીઓની શોધખોળ હાથ ધરવામાં આવી હતી.

આ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે ત્રણ આરોપીઓને ઝડપી પાડવામાં સફળતા મેળવી હતી.

ઝડપાયેલા આરોપીઓના નામ સામે આવ્યા

આ ગુનામાં ઝડપાયેલા આરોપીઓની ઓળખ નીચે મુજબ થઈ છેઃ

રાજુ રામકિશોર સરોજ (ઉંમર ૨૨ વર્ષ)

રમેશ સુભાષભાઈ બિંદ (ઉંમર ૨૧ વર્ષ)

સાહિલ પપ્પુભાઈ સોનકર (ઉંમર ૧૯ વર્ષ)

ત્રણેય આરોપીઓ સુરતના અશ્વિનીકુમાર રોડ વિસ્તારમાં રહેતા હોવાનું અને મૂળ ઉત્તરપ્રદેશના જૌનપુરના વતની હોવાનું સામે આવ્યું છે.

આ હત્યા કેસમાં સંડોવાયેલો ચોથો આરોપી રાહુલ ગુપ્તાસી હજુ પોલીસ પકડથી દૂર છે. તે સુરતના અમરોલી આવાસ વિસ્તારમાં રહેતો હોવાનું સામે આવ્યું છે. તેને ઝડપી પાડવા માટે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા વધુ તપાસ અને શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે. આ સમગ્ર મામલે અશ્વિનીકુમાર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. ત્રણ આરોપીઓની ધરપકડ બાદ હવે ફરાર આરોપીને પકડવા પોલીસની કાર્યવાહી તેજ બનાવવામાં આવી છે.

વિરમગામમાં SMCની મોટી રેડઃ નળસરોવર હાઈવે પરથી વિદેશી દારૂની ૧૨૪ બોટલો અને બિયરના ટીન સાથે બે શખ્સો ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

કાર વોશિંગ સેન્ટરની પાછળ ખુલ્લી જગ્યામાં છુપાવીને વેચાતો હતો વિદેશી દારૂ, SMC ગાંધીનગરની ટીમે દરોડો પાડી બે આરોપીઓને ઝડપી લીધા; વાહન, મોબાઈલ અને રોકડ સહિતનો મુદ્દામાલ કબજે

અમદાવાદ જિલ્લાના વિરમગામ પંથકમાં ગેરકાયદે દારૂના વેપાર સામે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ગાંધીનગર દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. વિરમગામ-નળસરોવર હાઈવે પર આવેલા રામછાપરી ત્રણ રસ્તા નજીક ચોક્કસ બાતમીના આધારે SMCની ટીમે દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન વિદેશી દારૂ અને બિયરના ટીન સહિત મોટી માત્રામાં દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

મળતી માહિતી મુજબ, રામછાપરી ત્રણ રસ્તા પાસે નળસરોવર રોડ પર આવેલા કાર વોશિંગ સેન્ટરની પાછળની ખુલ્લી જગ્યામાં વિદેશી દારૂનો જથ્થો છુપાવીને વેચાણ કરવામાં આવતું હોવાની બાતમી SMCને મળી હતી. આ બાતમીના આધારે ટીમે સ્થળ પર અચાનક દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો અને બિયરના ટીન સહિત કુલ ૧૨૪ નંગ મળી આવ્યા હતા. આ દારૂના જથ્થાની અંદાજિત કિંમત રૂ. ૪૬,૨૬૪ હોવાનું જાણવા મળ્યું છે. SMCની ટીમે દરોડા દરમિયાન બે શખ્સોને ઝડપી પાડ્યા હતા. પકડાયેલા આરોપીઓની ઓળખ શૈલેષભાઈ ઘનશ્યામભાઈ કુમારખાણીયા અને વિશાલભાઈ ચંદુભાઈ ઠાકોર તરીકે થઈ છે.

દરોડા બાદ SMC દ્વારા બંને આરોપીઓ અને જપ્ત કરાયેલા મુદ્દામાલને સ્થાનિક પોલીસને સોંપવામાં આવ્યા હતા. આ મામલે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. હાલ પોલીસ દ્વારા દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને આ ગેરકાયદે વેપારના નેટવર્કમાં અન્ય કેટલા લોકો સંડોવાયેલા છે તે દિશામાં વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

પ્રણવ અદાણી સપરિવાર સોમનાથ મહાદેવના દર્શને પહોંચ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)ગીર સોમનાથ

ગીર સોમનાથ જિલ્લામાં આવેલા વિશ્વપ્રસિદ્ધ પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના પવિત્ર ધામમાં અદાણી એન્ટરપ્રાઈઝિસના ડિરેક્ટર પ્રણવ અદાણી સપરિવાર દર્શનાર્થે પહોંચ્યા હતા. તેમની સાથે ધર્મપત્ની નમ્રતાબેન અદાણી પણ ઉપસ્થિત રહ્યાં હતાં. બંનેએ ભગવાન સોમનાથ મહાદેવનાં દિવ્ય દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. તેમની આ ધાર્મિક મુલાકાત દરમિયાન મંદિર પરિસરમાં ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો.

સોમનાથ મંદિર ખાતે પ્રણવ અદાણીએ ભગવાન મહાદેવને વિધિવત્ જલાભિષેક અર્પણ કર્યો હતો.

મંદિરના પૂજારીઓ દ્વારા મંત્રોચ્ચાર સાથે પ્રણવ અદાણી અને નમ્રતાબેન અદાણીએ સજોડે શાસ્ત્રોક્ત વિધિથી શ્રીસોમેશ્વર મહાપૂજા સંપન્ન કરી હતી.

આ ઉપરાંત તેમણે ધ્વજા પૂજન પણ કર્યું હતું. પવિત્ર અવસરે સોમનાથ મહાદેવને ભક્તિભાવપૂર્વક ભવ્ય અન્નકૂટ મનોરથ અર્પણ કરવામાં આવ્યો હતો.

પ્રણવ અદાણી અને તેમના પરિવારનું સોમનાથ ટ્રસ્ટ દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ પરિવારને વિશેષ સ્મૃતિચિત્ર અને મહાદેવનો પ્રસાદ અર્પણ કરીને સન્માનિત કર્યા હતા.

દર્શન અને પૂજા-અર્ચના પૂર્ણ કર્યા બાદ પ્રણવ અદાણીએ સોમનાથ મંદિર પરિસરમાં આવેલા ઐતિહાસિક બાણ સ્તંભની મુલાકાત લીધી હતી. આ સ્તંભના ઐતિહાસિક અને વૈજ્ઞાનિક મહત્ત્વ વિશે જાણકારી મેળવી હતી.

આ દરમિયાન તેમણે સનાતન સંસ્કૃતિના પ્રાચીન ભૌગોલિક અને ખગોળીય જ્ઞાનની પ્રશંસા કરી હતી. તેમની આ મુલાકાત ધાર્મિક શ્રદ્ધા અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યેના આદરનું સુંદર ઉદાહરણ બની રહી હતી.